રાજ્યમાં કોરોનાના નવા ૧૪૫૫ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૨૪૧૯૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૦૦૦૧૨ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે રાજ્યમાં નવા ૧૪૫૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૪૫૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૦૦,૦૧૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૪૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૯,૩૧૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૧૦૬૬.૩૧ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૨,૪૧,૯૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૨,૧૩૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૧,૮૮૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૫૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૬૯૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૭ છે. જ્યારે ૧૪,૬૦૮ લોકો સ્ટેબલ છે. ૨,૦૦,૦૧૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૦૮૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૧૦, સુરત કોર્પોરેશન ૩, અમરેલી ૧, બોટાદમાં ૧, રાજકોટ કોર્પોરેશન ૧ અને વડોદરાના ૧ વ્યક્તિ સહિત કુલ ૧૭ દદીનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

શામળાજી : ધુળેટા ગામે બર્થડે પાર્ટીમાં ગીતો વગાડવા મામલે યુવકની હત્યા કરનાર

ત્રણ હત્યારાઓને ગણતરીના કલાકોમાં દબોચતી પોલીસ

મોડાસા, તા. ૬

ભિલોડાના ધુલેટા(પાલ્લા) ગામના કમલેશ ભાઈ નિનામાના પુત્ર દિવ્યેશનો જન્મ દિવસ હોવાથી બર્થડે પાર્ટી રાખી હતી જેમાં તેમનો મિત્ર કલ્પેશ કાંતિભાઈ

ડામોર પણ સામેલ થયો હતો જન્મદિવસની ઉજવણીમાં ડી જે વગાડવા અંગે પાડોશીઓ સાથે કલ્પેશ ડામોરને ઝગડો થતા તેની અદાવત રાખી સગીર પુત્ર-પિતા સહીત એક શખ્શે લાકડીઓ વડે હુમલો કરી ગડદા પાટુનો માર મારી મોતને ઘાટ ઉતારતા યુવકની હત્યાંના પગલે ભારે ચકચાર મચી હતી શામળાજી પોલીસે સગીર પુત્ર તેના પિતા અને અન્ય એક શખ્શ સામે હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી પોલીસે અલગ અલગ ટિમો બનાવી ત્રણે હત્યારાઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા ધુળેટા (પાલ્લા) ગામે ત્રણ શખ્સોએ યુવકની હત્યા કરતા ડીવાયએસપી ભરત બસીયા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હત્યારાઓને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશનની વિવિધ ટિમો બનાવી અલગ અલગ સ્થળે રેડ કરી કલ્પેશ ડામોરની હત્યા કરનાર સગીર તેના પિતા શીવારજ બદાભાઈ નિનામા અને રાજુભાઈ નાનજીભાઈ નિનામાને ગણતરીના કલાકોમાં દબોચી લઈ ત્રણે હત્યારાઓના સરકારી ગાઈડ લાઈન અનુસાર કોરોના ટેસ્ટ કરાવવા તજવીજ હાથધરી હતી ધુળેટા ગામે જન્મ દિવસની ઉજવણીમાં ડીજે વગાડવા જેવી સામાન્ય બાબતમાં હત્યાનો ભોગ બનેલ કલ્પેશ ડામોરના પરિવારજનો પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી ત્રણે આરોપીઓને શખ્ત સજા કરવામાં આવેની માંગ કરી હતી.

દુર્લભ વન્ય પ્રાણી 'વનીયાર'નું અજાણ્યા વાહનની ટક્કરે મોત થતા જીવદયા પ્રેમીઓમાં રોષ

મોડાસા, તા. ૬

અરવલ્લીની ગીરીમાળાઓમાં મોટી સંખ્યામાં વન્ય પ્રાણીઓ વસવાટ કરી રહ્યા છે, ધીરે ધીરે જંગલો નામશેષ થતા વન્ય પ્રાણીઓ માનવ વસવાટ તરફ ધસી આવતા હોય છે ત્યારે દુર્લભ અને નિશાચર પ્રાણીની શ્રેણીમાં આવતું વનીયાર નામના પ્રાણીનું મેઢાસણ-સરડોઇ રોડ પર અજાણ્યા વાહનની ટક્કરે મોત થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. વનવિભાગ તંત્ર પણ દોડતું થયું હતું વનીયાર પ્રાણીનું અકસ્માતમાં મોત થતા જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

શુક્રવારે રાત્રીના સુમારે મેઢાસણ-સરડોઇ રોડ પર અજાણ્યા વાહનની ટક્કરે નજીકના ડુંગર પરથી ઉતરી શિકારની શોધમાં પહોંચેલા અને નામશેષ થવાની કગારે ઉભેલ વનીયાર પ્રાણીનું મોત થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બિલાડી જેવા દેખાતા પ્રાણીથી લોકોમાં ભારે કુતુહલ સર્જાયું હતું. જીવદયાપ્રેમીઓ પણ દોડી આવ્યા હતા સરડોઇ ગામના જીવદયાપ્રેમી દિનેશ નાયકના જણાવ્યા અનુસાર આ પ્રાણી એક સ્મૃત અને શરમાળ પ્રાણી હોય છે. તે મનુષ્યને કોઈ નુકસાન કરતું નથી. જે દેડકા, કાચીંડા જેવા જળચર પ્રાણીઓનો શકાર કરીને ખોરાક મેળવે છે. આ પ્રાણી દિવસે શહેરમાં વસ્તી અને વાહનોના ઘોંઘાટથી બહાર નીકળતું નથી. તે રાત્રિના સમયે જ બહાર નીકળે છે ત્યારે ખોરાકની શોધમાં ભટકી ગયું હોય તેવું લાગી રહ્યું છે વનવિભાગ તંત્ર પણ વનીયાર પ્રાણીનું મોત થતા મોડે મોડે દોડતું થયું હતું.

મોડાસાની કોવિડ હોસ્પિટલમાં નગરપાલિકા દ્વારા મોકડ્રિલ યોજાઈ

મોડાસા, તા. ૬

મોડાસા ખાતે આવેલી કોવિડ હોસ્પિટલમાં આગ અંગેની મોકડ્રિલ યોજવામાં આવી હતી. અચાનક કોવિડ હોસ્પિટલમાં આગ લાગે તો નિયંત્રણમાં લેવા શું કરી શકાય તે માટે તંત્ર દ્વારા મોકડ્રિલ યોજવામાં આવી રાજ્યની કોવિડ હોસ્પિટલોમાં આગ લાગવાની ઘટનાઓ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. કોવિડ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી, એનઓસી સહિતનું ચેકીંગ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે રવિવારના રોજ મોડાસા નગરપાલિકા અને આરોગ્ય વિભાગ દ્વારા સાર્વજનિક

હોસ્પિટલ ખાતે આવેલ કોવિડ હોસ્પિટલમાં અચાનક આગ લાગે તો કઈ રીતે કાબુમાં લઈ શકાય અને દર્દીઓના જીવ બચાવી શકાય તે માટે મોકડ્રિલ યોજવામાં આવ્યું હતું. આ મોકડ્રિલમાં પાલિકા અને આરોગ્યના કર્મચારીઓ જોડાયા હતા.

પાલનપુરના વિકાસ નકશાનું અધ્ધરતાલ ભાવિ નગરના વિકાસ માટે અવરોધરૂપ

પાલનપુરનો વિકાસ નકશો ક્યાં અટવાયો? : પાલનપુરના વિકાસમાં રોડા કોણ નાખે છે? : વિકાસ નક્શાનો વિવાદ શહેરના હિતમાં ઉકેલાય તેવી માંગ:શહેરના અગ્રણીઓ મધ્યસ્થતા કરે તે જરૂરી

પાલનપુર

એકબાજુ ભાજપના રાજમાં ગુજરાત ની મેટ્રો સિટીઓમાં ટી.પી.સ્કીમ મંજુર થાય છે. અને મહાનગરો વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. ત્યારે બીજી બાજુ ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં પાલનપુરનો વિકાસ નકશો ૬ વર્ષે પણ મંજુર ન થતા વિકાસ નક્શાનું અધ્ધરતાલ ભાવિ પાલનપુરના વિકાસમાં પણ અવરોધ બની રહ્યું છે.

સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય એવા નવાબી નગર પાલનપુરનો પણ સમયના બદલાતા જતા પ્રવાહ સાથે ચોમેરથી વિકાસ થઈ રહ્યો છે. ત્યારે વધતા જતા વિકાસની સાથે ટ્રાફિક સહિતની સમસ્યાઓ પણ નગરજનો ના લમણે લખાઈ આવી છે. ત્યારે પાલનપુરના હિતને ધ્યાને લઈ પાલનપુર ના ભાવિ વિકાસ માટે કોઈ અસરકારક કામગીરી થઈ રહી હોવાની પ્રતિતી પાલનપુરીઓને થઈ રહી નથી. પાલનપુરની બોદી નેતાગીરીના પાપે પાલનપુરની વર્ષોજુની સમસ્યા આજે પણ મોં વકાસીને ઉભી છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં ૨૦૧૪ થી આજદિન સુધી એટલે કે, છેલ્લા ૬ વર્ષથી પાલનપુરનો વિકાસ નકશો પણ વિવાદોમાં સપડાયો છે. જેને લઈને વિકાસ નકશો મંજુર ન થતા પાલનપુરનો વિકાસ રૂંધાઈ રહ્યો હોવાની રાવ ઉઠી છે. છેલ્લા ૬ વર્ષથી વ્યક્તિગત લાભાલાભ અને સત્તાની સાઠમારીમાં વિકાસ નકશો મંજૂર થતો નથી.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં શાસકોની અણઆવડતનો લાભ અધિકારીઓએ પણ ઉઠાવતા વિકાસ નકશાની હાલત કરવા ગયા કંસાર અને થઈ ગઈ થુલી જેવી થઈ છે. વિકાસ નકશાને નામે કરોડો રૂપિયા ખંખેરાયા બાદ પણ મંજુર ન કરાતા ભાજપની છબિ પણ ધુમિલ થઈ રહી છે. જેની સીધુ નુકસાન આવનારી પાલિકાની ચૂંટણી પર પણ પડી શકે છે. ત્યારે વિકાસ નકશાનું લટકતી તલવાર જેવું ભાવિ લોકોમાં ચર્ચાની એરણે ચડ્યું છે.

વિકાસ નકશાના અધ્ધરતાલ ભાવિથી ચિંતિત બિલ્ડર એશોસીએશન દ્વારા બનાસકાંઠાના સંસદસભ્ય પરબતભાઈ પટેલ, માજી કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓ સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીના દરબારમાં પણ રજૂઆત કરી સત્વરે વિકાસ નકશો બનાવી મંજુર કરવાની માંગ કરાઈ હતી. પરંતુ નગરપાલિકામાં પક્ષના પદાધિકારીઓ અને શાસકો વચ્ચેની આપસી ખેંચતાણમાં વિકાસ નકશો મંજુર થયો નથી.

આમ, પાલનપુર નગરના વ્યાપક હિત સામે આંખ મિચામણા કરી વિકાસ નકશો મંજુર ન કરી સ્થાપિત હિતો પાલનપુરના હિતને ઠોકરે ચડાવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે પાલનપુરનું હિત જેના હૈયે વસેલું હોય તેવી સ્વૈચ્છીક સંસ્થાઓ કે લબ્ધ પ્રતિષ્ઠિત અગ્રણીઓ આગળ આવે અને વિકાસ નકશાનો વિવાદ ઉકેલે તેવી માંગ ઉઠી છે.

પ્રાંતિજ ખાતે ડાં બાબાસાહેબ આંબેડકર સાહેબની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલી આપવામાં આવી

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ડાં.બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે બ્રિલિયન્ટ યુવક મંડળ પ્રાંતિજ દ્વારા શ્રધ્ધાંજલી અર્પી હતી.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ ડાં. બાબાસાહેબ આંબેડકરનની પ્રતિમા આગળ બ્રિલિયન્ટ યુવક મંડળ પ્રાંતિજ તથા સમાજના ભાઈઓ દ્વારા કેન્ડલ પ્રગટાવી શ્રધ્ધાંજલી આર્પી હતી અને ડાં. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવીને શ્રધ્ધા સુમન અર્પી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગે બ્રિલિયન્ટ યુવક મંડળ પ્રાંતિજના પ્રમુખ જશુભાઈ સુતરીયા, ઉપપ્રમુખ આર. જે. પરમાર, મંત્રી મનહરભાઈ પરમાર તથા મંડળના સભ્યો દ્વારા ડાં બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધા સુમન અર્પી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગે ડાં. કલ્પેશ પી. વોરા લેખિત 'મહામાનવ આંબેડકર' પુસ્તકનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્થિતિ કાબુમાં ન આવે ત્યાં સુધી નાઈટ કર્ફ્યૂ યથાવત રહે તેવી શક્યતા

અમદાવાદ, તા. ૬

દિવાળી બાદ કોરોનાની વણસેલી સ્થિતીને ધ્યાને રાખીને સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે શનિ રવિ માટે અમદાવાદમાં સંપુર્ણ કર્ફ્યૂની જાહેરાત કરી હતી. ત્યાર બાદ અમદાવાદ સહિત મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂની જાહેરાત કરી હતી. જો કે હવે આદેશનો સમયગાળો પુર્ણ થઈ રહ્યો હોવાના કારણે નાગરિકોને રાત્રી કર્ફ્યૂમાંથી મુક્તિ મળે તેવી આશા હતી. પરંતુ ગુજરાતમાં હાલ કોરોનાની જે પ્રકારની સ્થિતી યથાવત્ત છે તેને ધ્યાને રાખીને ચારેય મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રી કર્ફ્યૂ યથાવત્ત રાખવામાં આવી શકે છે. સરકારમાં રહેલા ઉચ્ચ સુત્રો અનુસાર કોરોનાની સ્થિતી કાબુમાં ન આવે ત્યાં સુધી સરકાર રાત્રી કર્ફ્યૂ હટાવવા અંગે કોઇ જ વિચારણા કરી નથી રહી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાનો આંકડો ૧૦૦૦ની પણ નીચે પહોંચી ગયા બાદ દિવાળીમાં ફરી એકવાર ઉછાળો જોવા મળ્યો હતો. જેને સેકન્ડ વેવ પણ ઘણા લોકો કહી રહ્યા છે. પરંતુ હાલ રોજિંદી રીતે ૧૫૦૦થી પણ વધારે કેસ આવી રહ્યા છે તેવી સ્થિતીમાં સરકાર રાત્રી કર્ફ્યૂ હટાવવાનાં મુડમાં નથી. ટુંક સમયમાં જ હાઇપાવર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવી શકે અને ઔપચારિક જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા ઉચ્ચ પદસ્થ સુત્રો સેવી રહ્યા છે.

પાલનપુરમાં ડો.બાબા સાહેબ આંબેડકરની પૂણ્યતિથી નિમિત્તે પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા

પાલનપુર

પાલનપુરમાં રવિવારે ડો.બાબ સાહેબ આંબેડકરની પૂણ્યતિથી નિમીતે સિમલા ગેટ ખાતે આવેલી પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા.

૬ ડીસેમ્બરને રવિવારના રોજ ડો.ભીમરાવ આંબેડકરની પૂણ્યતિથીના દિવસે ડો.બાબા સાહેબની જુદા-જુદા સંગઠન દ્વારા પાલનપુર સિમલા ગેટ વિસ્તારમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યા હતા. જેમાં દિપકભાઈ, કુંદનભાઈ પરમાર, દલપતભાઈ ભાટીયા, બી.ડી.બસવેચા, મહેન્દ્રભાઈ પરમાર સહીતના આગેવાન હાજર રહ્યા હતા.કાર્યક્રમમાં સરકારની તમામ ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યુ હતુ.

બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૮ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં પ્રકોપ હજી સુધી જારી રહ્યો છે. ત્યારે રવિવારે કોરોનાના વધુ ૧૮ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૬૪૮ એ પહોંચી છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં ડીસામાં ૦૨, ગાંધી લિંકનમાં ૦૨, બનાસ મેડિકલમાં ૦૨ અને આદર્શમાં ૧૨ મળી કુલ ૧૮ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૬૦૫ સેમ્પલ માંથી ૧૮ કેસ પોઝેટિવ આવ્યા હતા.

રેડ ઝોનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાઓની અમલવારી કરાવતી સંસ્થા છે. અહિ અધિક કલેક્ટર કક્ષાના અધિકારી ફરજ બજાવતા હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ જગ્યા ખાલી પડેલી છે તે પણ નોંધનીય છે.

સરકારે રિજેક્ટ વેજ ટ્રાન્ઝેક્શનના રીજનરેશનની કામગીરી પણ જે લાઈન ડિપાર્ટમેન્ટો ખાસ કરીને સિંચાઈ તેમજ વોટરશેડની પેન્ડીંગ બોલે છે તે પણ સત્વરે પુરી કરવામાં આવે તે માટે તાકીદ કરી છે.

જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દરેક તાલુકામાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કામો શરૂ કરવામાં આવે તે માટે પણ સૂચના આપવામાં આવી છે.

ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ માર્ગ સુધારણાના કામ સંદર્ભે દરખાસ્ત કરવામાં આવી નથી. અલબત્ત જુના સેકટરોમાં કેટલાક ઠેકાણે માર્ગો સર્દતર બિસ્માર બન્યા છે. ત્યારે કોર્પોરેશન કક્ષાએથી પણ સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવવા માટે કામગીરી ચાલી રહી છે ત્યારે સેકટરોમાં હવે તબક્કવાર માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. સે-૧૭ અને સે-૧૯ ના આંતરિક માર્ગોની કામગીરી સંદર્ભે પણ ટુંકમાં વર્ક ઓર્ડર આપવામાં આવશે.

ગાબડા પુરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએથી અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. ત્યારે ફુટપાથની જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ છે. નજર નાંખો ત્યાં ફુટપાથ પર ખાડા ટેકરા જોવા મળી રહ્યા છે. ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ હવે નાગરિકો માટે જોખમી બન્યુ છે. જે આશયથી વોક વે નુ નિર્માણ કરાયુ છે તેનો હેતુ પણ સરતો નથી. નગરના માર્ગો પર ગાબડા પુરવા માટે વારંવાર કામોને મંજુરી આપવામાં આવે છે. પરંતુ વોક વે ની જાળવણી રામભરોસે છે. દર વખતે વાઈબ્રન્ટ વેળાએ પણ ફુટપાથના કર્બિંગને રંગરોગાન કરવામાં આવે છે. જયારે મુખ્યમાર્ગોની આસપાસ વોક વે ની સુંદરતા નિખરે તે માટે ગાબડા પુરવા સહીત જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ સેકટરોના અન્ય માર્ગો પર ફુટપાથ છેલ્લા ઘણાં સમયથી કંગાળ હાલતમાં છે. જયારે આ સ્થિતિ વચ્ચે નાગરિકોને પણ ડગલે ને પગલે પરેશાની વેઠવી પડે છે. પરંતુ ફુટપાથને થિગડા મારવા માટે પણ તંત્ર કક્ષાએથી કામ હાથ ધરવામાં આવ્યુ નથી. સ્માર્ટ સીટીના વોક વે પર હાલ અત્યંત કંગાળ દ્રશ્યો જોવા મળી રહ્યા છે ત્યારે બીજીતરફ કોર્પોરેશન કક્ષાએથી પણ ફુટપાથ તોડવાનુ કામ કર્યા બાદ હજુ ગાબડા પુરવામાં આવ્યા નથી.

ભારત નારાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવાનો અનુરોધ કર્યો છે. આ ઉપરાંત દવા અને ક્લીનિકલ પરીક્ષણ નિયમ, ૨૦૧૯ની વિશેષ જોગવાઈઓ હેઠળ ભારતની વસ્તી પર ક્લીનિકલ ટ્રાયલની છૂટ આપવાનો અનુરોધ કર્યો છે. બ્રિટન બાદ બહરીન શુક્રવારે દુનિયાનો બીજો દેશ બની ગયો છે જેણે દવા નિર્માતા કંપની ફાઈઝર અને તેના જર્મન સહયોગી બાયોએનટેક દ્વારા વિકસિત કોવિડ-૧૯ વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી આપી છે. દવા કંપની પહેલા જ અમેરિકામાં આવી જ મંજૂરી માટે અરજી કરી ચૂકી છે. આ વેકસીનના બે ડોઝ સ્વસ્થ લોકોને જ આપવામાં આવશે, અને ૧ મહિનાના અંતરે બન્ને લેવાના થાય છે. સોલા સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોનાની ટ્રાયલ કો વેક્સિનના કુલ ૫૦૦ ડોઝ આપવામાં આવેલા છે. પરંતુ વેકસીનની ટ્રાયલ લેવા માંગતા લોકો માટે પણ અનેક મુંજવણ હોવાથી સંપર્ક માટે એક નંબર -૯૧૦૪૫૫૩૨૬૭ જાહેર કરાયો છે. ફાઈઝરની આ વેક્સીનને -૭૦ (માઈનસ ૭૦) ડિગ્રી સેલ્સિયસ પર રાખવાની જરૂર પડે છે. એવામાં ભારતીય પરિસ્થતિઓ કોઈ પડકારથી ઓછી નથી અને આ જ કારણ છે કે ભારતમાં હજુ સુધી ફાઈઝરની વેક્સીનના ક્લિનિકલ ટ્રાયલ પણ નથી થયા. રશિયાની રાજધાની મોસ્કોમાં કોવિડ -૧૯ રસીકરણ કાર્યક્રમની રજૂઆત સાથે ભારતના લોકો માટે પણ સારા સમાચાર છે. ડ્રગ નિર્માતા ફાઈઝરના ભારતીય એકમ દ્વારા કંપની દ્વારા વિકસિત કોવિડ -૧૯ રસીના ઈમર્જન્સી ઉપયોગ માટે ઔપચારિક મંજૂરી માટે ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) પાસે અરજી કરવામાં આવી છે. ફિફાઈઝરે આ અરજી તેની કોવિડ -૧૯ રસીને યુકે અને બહેરિનમાં મંજૂર મળ્યા પછી કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ડ્રગ રેગ્યુલેટરને ફાઈલ કરેલી અરજીમાં કંપનીએ દેશમાં રસીના આયાત અને વિતરણ માટે મંજૂરી આપવાની વિનંતી કરી છે.

પાલનપુરમાં હોમગાર્ડ સ્થાપના દિવસ ઉજવાયો

પાલનપુર

પાલનપુર હોમગાર્ડ યુનિટ દ્વારા હોમગાર્ડ સ્થાપના દિવસે રવિવારના રોજ ફુટ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતુ.જેમાં સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યું હતુ.

૬ ડીસેમ્બર હોમગાર્ડ સ્થાપના દિવસે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યાની સુચનાથી હોમગાર્ડ ઈન્સપેકટર એલ.એચ.વ્યાસ,અને પાલનપુર ઓફીસર કમાન્ડીગ પ્રશાંતભાઈ ગોસ્વામી દ્વારા ચાર દિવસ દરમિયાન જુદા-જુદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ૬ ડીસેમ્બરને રવિવારના રોજ લીગલ સ્ટાફ ઓફીસર મનોજભાઈ ઉપાધ્યાય દ્વારા પાલનપુર હોમગાર્ડ યુનિટ ખાતે હોમગાર્ડ ધ્વજને ફરકાવવામાં આવ્યો હતો.તેમજ કોરોનાની મહામારીમાં માસ્ક વગર ફરતા લોકોને માસ્ક પહેરાવવામાં આવ્યા હતા.તેમજ ગરીબ પરિવારના લોકોને ફુટનું વિતરણ કરવામાં આવ્યું હતુ.જેમાં કંમ્પની કમાન્ડર પી.ડી.દરજી,સિનીયર પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ,પ્લાટુન કમાન્ડર અશોકભાઈ રાવલ,પ્લાટુન સાર્જન કેસરસિંહ બોડાણા મહીલા પ્લાટુન સાર્જન આશાબેન ઠાકોર સહીત હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.

જાહેર નિવિદા

નગરપાલિકા ધાનેરા પાણી-પુરવઠા શાખાની પટેલ સોસાયટી બોર, કેપેસિટી-૨.૫ લાખ લીટર અને વિવેકાનંદ બોરની ઓવરહેડ ટાંકી કેપેસિટી-૨.૦ લાખ લીટર જર્જરેત હાલતમાં હોઈ, ટાંકી પાડવાની કામગીરી કરતા ઈજારદારોએ પોતાના ભાવ ટાંકી દીઠ કેટલી રકમ નગરપાલિકામાં જમા કરાવશે તેની વિગત સાથે ટાંકી પાડી તમામ કાટમાળ સાઈડ પરથી ખસેડી સાઈડ ક્લીયર કરવા સુધીની કામગીરી માટે બંધ કવરમાં તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ કચેરી સમય સુધી મળી જાય તે રીતે ફકત રજી.પો.એડી.થી મોકલી આપવાના રહેશે. કવર ઉપર "ટાંકી પાડવાના ભાવ' તેવું લખવાનું રહેશે. ટાંકી પાડવાની કામગીરી કરેલ હોય તો તેની વિગતો પણ સાથે મોકલવી.

(એસ.એમ.અન્સારી)	(અંબાબેન જયંતીભાઈ બોધું)	(શંકરભાઈ એસ.પટેલ)	(જગલબેન કાનાજી ઠાકોર)
મુખ્યઅધિકારી	ચેરમેન	ઉપપ્રમુખ	પ્રમુખ
નગરપાલિકા ધાનેરા	પાણી પુરવઠા સમિતિ	નગરપાલિકા ધાનેરા	નગરપાલિકા ધાનેરા